ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, THURSDAY, AUGUST 20, 2020 | VOL.NO-5, ISSUE NO-9 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE -8 | INVITATION PRICE: ₹20/-

આ અંકમાં શું વાંચશો?

અંકલ, મારી મમ્મીને ના મારશો, હું નહીં રડું બસ!'

રવિવારનો દિવસ હતો. શાળામાં વેકેશન હતું. સાતમાં ધોરણમાં ભણતો નાનકડો દિશાંત મેહંદીરત્તા હરિયાણાના એક નાનકડાં ટાઉનમાં એના મમ્મી પપ્પા સાથે રહતો હતો. પપ્પા આજે બહારગામ ગયા હતા. પેજ ૩

મહેન્દ્રસિંગ ધોનીએ સાબિત કરી દીધુ કે...

રાંચીનો એક સામાન્ય પરિવારનો છોકરો જે ગોલકીપર બનવા માંગતો હતો. આ છોકરો પોતાની સ્કુલની ક્રિકેટ ટીમના વિકેટકીપની ગેરહાજરીનાં કારણે ટીમની આબરૂ બચાવવા ખાતર ગોલકીપરમાંથી વિકેટકીપર બન્યો. પેજ ૬

ભારતમાં ટોચના મોનસૂન સ્થળો

જો તમને વરસાદના ઘેરાયેલા વાદળોથી પ્રેમ છે, તો મહારાષ્ટ્રમાં લોનાવલા આ ચોમાસા માટેનું શ્રેષ્ઠ સ્થળ સાબિત થઇ શકે છે. પશ્ચિમ ઘાટના ઉપલા ભાગમાં આવેલા, આ અનોખા શહેરમાં એક નાની સફર કરી શકો છો. પેજ ૭

બાળકની દાંતની સારવાર

બાળકો ઘણી વખત ડોક્ટર અથવા દાંતના ડોક્ટર થી ડરતા હોય છે, ઘણી વખત વાલીઓ ડોક્ટરને ઇંજેક્સન વાપરવા વ્યક્તિ તરીકે વર્ણવે છે. પેજ ૮

ભારતના વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપનારા, ગુજરાતી જમસેદજી નસીરવાનજી ટાટા

ભારત દેશને હજારો લોકોએ મહાન બનાવ્યો છે. તેમાં કોઇ એક વ્યક્તિએ પોતાની ભાગીદારી આપને તેને મહાન બનાવ્યો નથી. દેશના દરેક રાજ્યના દરેક લોકોને હિસ્સો છે. આઝાદી સમયે જ્યારે ભારત એક ગુલામીની બેડીઓને તોડીને આઝાદીના રસ્તે અને વિકાસને રસ્તે પોતાના પગલા માંડી રહ્યો હતો ત્યારે હજારો લોકોએ દેશના દરેક પગલાને મજબુત રીતે આગળ વધારવામાં પોતાની તમામ તાકાત લાવી દીધી. આવા જ એક ગુજરાતી જમસેદજી ટાટાની આજે આપણે થોડી વાતો જાણીશું. મિત્રો, જ્યારે તમારી પાસે તમામ સગવડ હોય ત્યારે તમે કંઇ પણ કરી શકો છો. પરંતુ જ્યારે શુન્યમાંથી સર્જન કરવાનું હોય તે જ મુખ્ય બાબત છે અને આવું કરનારા લોકોની નોંધ દુનિયાએ લેવી પડે છે.

મુંબઇમાં ગેટવે ઈન્ડિયાની સામે તાજમહેલ જેવી ભવ્ય હોટલ બનાવી. જમસેટજી ટાટા આ હોટલના સ્વપ્નદાતા હતા. ડિસેમ્બર ૧૯૦૩ માં ૪ કરોડ ૨૧ લાખ રૂપિયાના વિશાળ ખર્ચ સાથે હોટલ તાજ મહેલ બનાવવામાં આવી હતી. એ સમયે તે ભારતની એકમાત્ર હોટલ હતી જેમાં વીજળીની વ્યવસ્થા હતી. આજે આપણે સવારથી લઇને સાંજ સુધીમાં ભારતનો કોઇ વ્યક્તિ એવો નહીં હોય કે જે દિવસ દરમિયાન એક ટાટા કંપનીની પ્રોડક્ટનો ઉપયોગ ન કરે. ટાટા કંપની દેશમાં મીઠાથી લઈને વ્યવસાયિક વાહનો અને લક્ઝુરિયસ હોટલની ચેન બનાવવા માટે જાણીતી છે.

મિત્રો હવે આપણે જમશેદજી વિશે જાણીએ, જમસેદજીનો જન્મ ૩ માર્ચ ૧૮૩૯ ના રોજ દક્ષિણ ગુજરાતના નવસારીમાં પારસી પરિવારમાં થયો હતો. ૧૯ મે ૧૯૦૪ ના રોજ ૬૫ વર્ષની વયે તેમનું અવસાન થયું. તેમનું પૂરું નામ જમસેદજી નસીરવાનજી ટાટા હતું. તેમના પિતાનું નામ નસીરવાનજી અને માતાનું નામ જીવનબાઇ ટાટા હતું. તેમના પિતા તેમના પરિવારમાં વેપ ાર કરનારા પહેલા વ્યક્તિ હતા. માત્ર ૧૪ વર્ષની ઉંમરે જમસેદજી તેમના પિતા સાથે મુંબઇ આવ્યા અને બિઝનેસ શરૂ કર્યો. તે જ વયે તેમણે તેમના પિતાને ટેકો આપવાનું શરૂ કર્યું. તે ૧૭ વર્ષની ઉંમરે તેમણે મુંબઈની એલફિંસટન કોલેજમાં પ્રવેશ લીધો અને બે વર્ષ પછી ૧૮૫૮ માં ગ્રીન સ્કોલર (બેચલર ડિગ્રી)ના રૂપમાં પાસ થયા અને પિતાના વ્યવસાયમાં સંપૂર્ણ રીતે જોડાયા. ત્યારબાદ તેમના લગ્ન હીરાબાઇ ડબુ સાથે કરી થયા.

જમશેદજીના જીવનના મુખ્ય લક્ષ્યોમાં સ્ટીલ કંપ ની ખોલવી, વિશ્વ વિખ્યાત અભ્યાસ કેન્દ્ર સ્થાપવું, એક અનોખી હોટલ ખોલવી અને હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટ સ્થાપવો શામેલ છે. જો કે, તેમના જીવનકાળમાં આમાંથી એક સપનું જ પૂરું થયું, હોટેલ તાજમહલનું સપનું. બાકીના પ્રોજેક્ટ્સ તેમની નવી પેઢી દ્વારા પૂર્ણ કરવામાં આવ્યા હતા.

૨૯ વર્ષની ઉંમરે, તેમણે તેમના પિતાની કંપ નીમાં કામ કર્યું, પછી ૧૮૬૮ માં તેમણે ફક્ત ૨૧ હજાર મૂડીનું રોકાણ કરીને વ્યવસાયિક કંપનીની સ્થાપના કરી. ૧૮૬૯ માં તેમણે એક નાદાર તેલ મિલ ખરીદી અને તેને સુતરાઉ મિલમાં રૂપાંતરિત કરી અને તેનું નામ એલેક્ઝાંડર મિલ રાખ્યું. લગભગ બે વર્ષ પછી, જમસેદજીએ મિલને યોગ્ય નફા સાથે વેચી નાખી અને તે જ પૈસાથી તેમણે ૧૮૭૪ માં નાગપુરમાં એક સુતરાઉ મિલની સ્થાપ ના કરી. બાદમાં જ્યારે મહારાણી વિક્ટોરિયાને ભારતની રાણીનો ખિતાબ આપવામાં આવ્યો ત્યારે તેમણે મિલનું નામ ઇમ્પ્રેસ મિલ કરી નાખ્યુ. ૨૦૧૫-૧૬માં કંપનીની આવક ૧૦૩.૫૧ અબજ હતી.

દેશના ઔદ્યોગિક વિકાસમાં ફાળો

તેમણે ભારતના ઔદ્યોગિકરણ માટે સ્ટીલ કારખાનાઓ સ્થાપવાની મહત્વપૂર્ણ યોજનાઓ કરી. તેમની અન્ય મોટી યોજનાઓમાં પશ્ચિમ ઘાટના તીવ્ર પ્રવાહી (જેનો પાયો ૮ ફેબ્રુઆરી ૧૯૧૧ ના રોજ નાખ્યો હતો) માંથી વીજળી ઉત્પન્ન કરવાની યોજના શામેલ છે.

મોટા ઉદ્યોગપતિ જ નહીં પરંતુ મહાન રાષ્ટ્રવાદી અને પરોપકારી પણ હતા. આજે પરોપકારી અથવા ફિલોથ્રોપીની વ્યવસાય જગતમાં ગૂંજ હોય, પરંતુ જમશેદજીના પુત્ર દોરબ ટાટાએ ૧૯૦૭ માં દેશની પહેલી સ્ટીલ કંપની, ટાટા સ્ટીલ અને આયર્ન કંપ ની, ટિસ્કો ખોલી હતી, તો આ કર્મચારીઓને પ ેન્શન, રહેઠાણ, તબીબી સુવિધાઓ અને ઘણી અન્ય સુવિધાઓ આપનારી કદાચ એકમાત્ર કંપની હતી.

૧૮ ઇમારતો વિજ્ઞાન માટે દાનમાં આપી હતી

કલ્યાણકારી કાર્યો અને દેશને એક મોટી શક્તિ બનાવવાની દ્રષ્ટિમાં તેઓ ખૂબ આગળ હતા. બેંગ્લોરમાં ઈંડિયન ઈસ્ટીટ્યુટ ઓફ સાયન્સની સ્થાપના માટે તેમણે પોતાની અડધાથી વધુ સંપત્તિ જેમા ૧૪ બિલ્ડિંગો અને મુંબઈની ચાર સહિત સંપ ત્તિ દાનમાં આપી હતી.

વેપાર માટે વિદેશ યાત્રા

વેપારના સંબંધમાં, જમસેદજી ઈંગ્લેન્ડ, અમેરિકા, યુરોપ અને અન્ય દેશોમાં ગયા. જેના દ્વારા તેમને વ્યવસાય કરવા માટે તમામ પ્રકારના આઈડિયા મળ્યા. આનાથી તેમના વ્યવસાયને લગતુ જ્ઞાન પણ વધ્યું. આ મુલાકાતો પછી, એક વાત એ પણ બહાર આવી કે તેમણે વિચાર્યુ કે બ્રિટીશ અધિપ ત્યવાળા કાપડ ઉદ્યોગમાં ભારતીય કંપનીઓ પણ સફળ થઈ શકે છે. અનુસંધાન પાના નં ૨ પર

શ્રી જનતકુમાર ભગુભાઇ પ્રાથમિક શાળામાં ઓનલાઇન રક્ષાબંધન પર્વની ઉજવણી...

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઇ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓ, વાલીમિત્રો અને શિક્ષક ભાઈ-બહેનોનાં સંયુક્ત પ્રયાસથી રક્ષાબંધનની પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
શાળાના આચાર્ય શ્રીમતી નીવાબેન પટેલે વિદ્યાર્થીઓને બહેન દ્વારા બાંધવામાં આવેલી રાખડીનાં સુરક્ષા કવચ સાથે શાળાનાં બાળકો સુરક્ષીત રહે તેવી ગુરૂભાવના વ્યક્ત કરી હતી. આ પ્રસંગે શાળાની શિક્ષિકા બહેનોએ વિદ્યાર્થીઓનાં દીર્ઘ આયુષ્ય માટે પ્રાર્થના કરી હતી સાથે સાથે ઓનલાઇન રાખી મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૦૪ જેટલા વિદ્યાર્થીઓએ સુંદર રાખડીઓનું સર્જન કર્યું હતું.

સમર્પણ પબ્લિક સ્કુલમાં ઓનલાઇન માધ્યમ દ્વારા સ્વંત્રતતા દિન પર્વનું આયોજન કરાયું

સમર્પણ પબ્લિક સ્કુલમાં સ્વતંત્રતા પર્વનું આયોજન ઓનલાઈન માધ્યમ દ્વારા યોજાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ઘરેથી જ ભાગ લીધો હતો અને સ્વતંત્રતા પર્વ નિમિત્તે કાગળ પર સંદેશો લખીને શુભેચ્છા પાઠવી હતી. સ્કુલનાં આચાર્યશ્રી નિધિ શર્મા અને મેનેજીગ ડાયરેક્ટર મહેંદ્રસિંહ વાઘેલા દ્વારા આપીલ કરવામાં આવે છે કે ઘરમાં રહો,સ્વસ્થ રહો.

રક્તદાન

મહુવા તાલુકાની નાના ખુંટવડા પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક પ્રવીણભાઇ મકવાણા દ્વારા ૫૪ (ચોપન) વાર રક્તદાન અમદાવાદ રેડક્રોસ સોસાયટી ખાતે કરેલ છે. તેઓએ થેલેસેમિયાગ્રસ્ત – કેન્સરપિડિત બાળકો માટે રક્તદાન કરી સમાજ માટે રક્તદાનક્ષેત્રે પોતાનુ અનેરુ યોગદાન આપેલ છે. કોરોના જેવી મહામારીમાં રક્તદાન કરી લોકો માટે પ્રેરણારૂપ કાર્ય કરેલ છે.

શાળા બંધ છે, શિક્ષણ નહી

વાલ્લા પ્રાથમિક શાળામાં ગત વર્ષે ઉજવાયેલ જન્માષ્ટમી ઉત્સવની એક ઝલક વાંચક દ્વારા મોકલવામાં આવી જેમા બાળકોએ જન્માષ્ટમી ઝલક જોવા મળી રહી છે. આ વર્ષે બાળકોએ ઘરે રહીને જન્માષ્ટમીની ઉજવણી કરી હતી.

પહેલા પાનાનું અનુસંધાન

ભારતના વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપનારા, ગુજરાતી જમસેદજી નસીરવાનજી ટાટા

સામ્રાજ્ય ઉભું કર્યું. જમસેદજી ટાટા ભારતના પ્રખ્યાત ઉદ્યોગપતિ અને ટાટા જૂથના સંસ્થાપક હતા, ભારતીય ઔદ્યોગિક ક્ષેત્રમાં જમસેદજી એ જે યોગદાન આપ્યુ તે અસાધારણ અને ખૂબ જ મહત્વપૂર્ણ છે. જ્યારે ફક્ત બ્રિટીશ લોકો જ ઉદ્યોગ સ્થાપવા માટે કુશળ માનવામાં આવતા હતા, ત્યારે જમસેદજી ભારતમાં વિકાસનો માર્ગ મોકળો કર્યો. ટાટા સામ્રાજ્યના સ્થાપક જમસેદજી દ્વારા કરવામાં આવેલ કાર્ય આજે પણ લોકોને પ્રોત્સાહિત કરે છે. તેમની અંદર ભવિષ્ય દેખવાની અદ્દભૂત ક્ષમતા હતી. જેના બળ પર તેમણે એક ઔદ્યોગિક ભારતનુ સપનુ જોયુ હતુ. ઉદ્યોગો સાથે તેમણે વિજ્ઞાન અને તકનીકી અભ્યાસ માટે સારી સુવિદ્યાઓ પુરી પાડી.

સૌથી મોટા વ્યવસાયિક વાહનોના નિર્માતા ટાટા મોટર્સ એ ભારતની સૌથી મોટી વ્યવસાયિક વાહનો બનાવતી કંપની છે. તેનું જૂનું નામ ટેલ્કો (ટાટા એન્જિનિયરિંગ એંડ લોકોમોટિવ કંપની લિમિટેડ) છે. હતી. તે ટાટા જૂથની મોટી કંપનીઓમાંની એક છે. જમશેદપુર (ઝારખંડ), પુણે (મહારાષ્ટ્ર) અને લખનૌ (યુપી) સહિતના ભારતમાં તેના ઉત્પાદન એકમો અન્ય ઘણા દેશોમાં છે.

ટાટા પરિવાર દ્વારા આ કારખાનાની શરૂઆત એન્જિનિયરિંગ અને રેલ એન્જિન માટે કરવામાં આવી. પરંતુ હવે આ કંપની મુખ્યત્વે ભારે અને હલકા વાહનોનું ઉત્પાદન કરે છે. તેણે યુકેની જાણીતી બ્રાન્ડ્સ જગુઆર અને લેન્ડ રોવર પણ ખરીદી છે. તેમનો ધ્યેય માત્ર કારખાનાઓ ઉભા કરવા અને તેમની પાસેથી કમાણી કરવાનો ન હતો, પરંતુ તેઓ એક એવું શહેર સ્થાપિત કરવા ઇચ્છતા હતા કે જે એક ઉદાહરણ બને. તેમનુ વિઝન ક્લિયર હતુ.

તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી 'ધી ઓપન પેજ'માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.

વૈધાનિક સૂચના: ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

રાજ ભાસ્કર
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

અંકલ, મારી મમ્મીને ના મારશો, હું નહીં રડું બસ!

નાનકડી ઉમંરે પોતાની મમ્મીને ચોરના હાથમાંથી હેમખેમ બચાવવાની બહાદૂરીએ દીશાંતને આખા દેશમાં ગૌરવ અપાવ્યુ. ૨૬મી જાન્યુઆરી, ૨૦૧૬ના દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'રાષ્ટ્રીય વીરતા પુરસ્કાર' આપીને દિશાંતનું સન્માન કરાયુ. આ સન્માન મેળવીને માત્ર દિશાંત જ નહીં, એના માતા-પિતા જ નહીં પણ સમગ્ર હરિયાણા આનંદમાં આવી ગયું. ચારે તરફથી દિશાંત પર અભિનંદનોનો વરસાદ વરસ્યો.

રવિવારનો દિવસ હતો. શાળામાં વેકેશન હતું. સાતમાં ધોરણમાં ભણતો નાનકડો દિશાંત મેહંદીરત્તા હરિયાણાના એક નાનકડાં ટાઉનમાં એના મમ્મી પપ્પા સાથે રહતો હતો. પપ્પા આજે બહારગામ ગયા હતા. બપોરે ભોજન કરીને દિશાંત ટી. વી ચાલુ કરીને બેસી ગયો. ટીવી પર એ માઈટી રાજુ કાર્ટૂન જોઈ રહ્યો. એક કલાકથી એ ટી.વી જોતો હતો.

બપોરના બે વાગ્યા હતા. દિશાંતની મમ્મી કામથી પરવારીને બીજા રૂમમાં આરામ કરી રહી હતી. ટી.વીનો વોલ્યુમ થોડો વધારે હતો. એને ઉંઘમાં ખલેલ પહોંચી. એણે દિકરાને બૂમ મારીને કહ્યુ, 'બેટા, બહું ટીવી જોયુ હવે બંદ કર.'

'થોડી વાર મમ્મી! બરાબરની ફાઈટ જામી છે.'

'બેટા, હવે તું મોટો થયો. આવા કાર્ટૂન જોઈ જોઈને શું ફાયદો? ચાલ બંદ કર!'

'અરે, મમ્મી આમાં તો બહું જ શીખવા મળે. જો તો ખરી માઈટી રાજુ કેવા કેવા કારનામા કરે છે. એની ફાઈટીંગ જોઈશ તો તું પણ એની દિવાની બની જઈશ.'

મમ્મી ટી.વી.વાળા રૂમમાં આવી ગઈ અને બોલી, 'મારે કોઈના ફેન નથી બનવું. તું ટીવી બંદ કર. બેટા, આવી બધી કાર્ટૂન ફિલ્મોમાં કઈ મેળવવાનું ના હોય. આવી ફિલ્મોથી મગજ જ ખરાબ થાય. બીજુ કશું જ ના થાય.'

'મોમ! એવું નથી. આ બધું પણ કામમાં આવે જ. પ્લીઝ મને જોવા દે.'

'નો.... ના પાડીને એકવાર! ચાલ બંદ કર ટીવી.' મમ્મીએ રીમોટ લઈ લીધું અને ટી.વી ઓફ કરી દીધું. દિશાંત નારાજ થઈને સોફા પર ઉંઘી ગયો. મમ્મી બીજા રૂમમાં ચાલી ગઈ અને ઉંઘી ગઈ.

ઉનાળાનો દિવસ હતો. સૂરજ મહારાજ બરાબરના તપ્યા હતા. એમાંય હરીયાણાનું દૂરનું ટાઉન. ત્યાં પાણીની અછત હતી. ગરમી એવી પડતી કે ધરતી અંગારો બની જતી. આવા દિવસોમાં બપોરે કોઈ બહાર જ ના દેખાય. રાત જેવો સન્નાટો છવાઈ જાય. સૌ લોકો ગરમીથી બચવા માટે પોત-પોતાના ઘરમાં લપાઈ જતાં. બપોરના બે વાગ્યાથી સાંજના સાડા-પાંચ કે છ સુધી બધું જ સુમસામ જોવા મળતું.

બપોરના ત્રણ વાગ્યા હતા. દિશાંત સોફામાં ઉંઘી ગયો હતો અને મમ્મી બેડરૂમમાં. ત્યાંજ ડોરબેલ વાગી. પહેલી રીંગે તો મમ્મીની ઉંઘ ના ઉડી. બે ત્રણ વાર ડોરબેલ વાગી. દિશાંતની મમ્મી ઉભી થઈ અને બોલી, 'કોણ છે ખરા બપોરે?' બોલતા બોલતાં એ દરવાજા તરફ ગઈ. દરવાજો ખોલ્યો. સામે એક યુવાન પુરુષ ઉભો હતો. એના હાથમાં મોટુ બોક્સ હતું. એ બોલ્યો, 'મેડમજી આપકા પાર્સલ આયા હૈ? એલસીડી ટીવી હૈ!'

'મેરા પાર્સલ? ટીવી? કીસને ભેજા હૈ?'

યુવાન બોલ્યો, 'મેડમ હમ તો કુરિયર વાલે હૈ. હમે ક્યાં માલુમ. બસ આપકા પતા લીખા હૈ.' આટલું બોલી યુવાન એમનું પુરુ નામ બોલ્યો.

દિશાંતની મમ્મીએ કહ્યુ, 'હા, નામ તો મેરા હી હૈ.'

જ્યારે કોઈ વસ્તુ મફત મેળવવાની વાત આવે ત્યારે મોટાભાગના લોકોની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જતી હોય છે. દિશાંતની મમ્મીએ પાર્સલ જોયુ તરત જ એમની વિચાર ક્ષમતા પણ ઘટી ગઈ હતી. એમણે અરધી ખુલ્લી રાખેલી જાળી આખી ખોલી નાંખી. યુવાનને કહ્યુ, 'આઈએ બેઠીયે!'

યુવાન ખૂરશીમાં બેઠો. ટી.વીનું બોક્સ અંદર મૂક્યુ. આ બધું ચાલતું હતું એનો અવાજ સાંભળી દિશાંત ઉઠી ગયો હતો. એ આંખો ચોળતો ચોળતો રૂમમાં આવ્યો, 'મમ્મી, શું થયું? '

જવાબ યુવાને જ આપ્યો, 'બેટા, તેરે લીયે કાર્ટૂન દેખને કે લીયે નયા એલ.ઈ.ડી ટીવી લાયા હૂં.'

નવા અને મોટ્ટા ટી.વીની વાત સાંભળી દિશાંત રાજી રાજી થઈ ગયો. એ તાલીઓ પાડવા લાગ્યો. યુવાન બોલ્યો, 'મેડમજી, ઈસકે અંદર ઈસે ભેજને વાલેકા નામ નંબર પતા સબ હોગા. યે આપકે લીયે સરપ્રાઈઝ હૈ. આપ યહાં સાઈન કર દીજીયે ઔર એક ગ્લાસ પાની પીલા દીજીયે.'

બહેન તરત જ પાણી લેવા રસોડામાં દોડ્યા. એમણે પીઠ ફરેવી તરત જ યુવાન ઉભો થયો અને દરવાજો અંદરથી બંદ કરી દીધો. દિશાંત કશું વિચારે એ પહેલાં જ એણે થેલામાંથી એક લાંબુ ધારદાર ચપ્પુ કાઢ્યુ અને બહેનના ગળે મૂકી દીધું. બહેન રાડો પાડવા ગયા પણ એણે મોં દાબી દીધું, 'જરા ભી આવાજ કીયા હૈ તો ગલા કાટ કે રખ દુંગા.'

નાનકડો દિશાંત રડવા લાગ્યો. પેલા ગુંડાએ એને પણ બંદ કરી દીધો, 'એય, લડકે! રોના બંદ કર. જરા ભી આવાજ કીયા તો તેરી મા કો માર ડાલુંગા!'

દિશાંત તરત રડતો બંદ થઈ ગયો. એ થર થર ધ્રુજી રહ્યો હતો, 'અંકલ, મારી મમ્મીને કંઈ ના કરશો. એને છોડી દો પ્લીઝ! હું નહીં રડું બસ!'

'યે હુઈ ના બાત! ચલ અબ બેઠ જા કોને મેં.' દિશાંત ચૂપચાપ ખુણામાં બેસી ગયો.

ગુંડાએ બહેનજીના ગળા પરનું ચપ્પુ સ્હેજ દબાવ્યુ, 'દેખ, બહેન! મેં તેરા મુહ ખોલતા હું. જરા ભી આવાજ મત કરના. વરના તુજે બાદમેં મારુંગા પહેલે તેરે બેટે કા ગલા કાટૂંગા.'

મમ્મીની આંખોમાંથી આંસુ સરી પડ્યા. ગુંડાએ એનું મોં ખોલ્યુ. મમ્મી હળવે હળવે બોલી, 'ભાઈ, મારા દીકરાને કંઈ ના કરો. મહેરબાની કરો.'

'કુછ નહીં કરુંગા. અગર તુમ મુજે સાથ દોગી તો.'

'આપ જો કહે હમ કરેંગે. જરા ભી આવાજ નહીં કરેંગે.'

'અપને સબ જેવર ઉતાર દે!' ગુંડાએ કહ્યુ તરત જ બહેને કાનની બુટ્ટી, નાકનો દાણો, અને મંગળ સુત્ર ઉતારી આપ્યુ.

ગુંડાએ એ ખિસ્સામાં મૂક્યુ અને બોલ્યો, 'અબ તિજોરીમેં ઔર ક્યા હૈ?'

'કુછ નહીં. હમ ઘર મેં કુછ નહીં રખતે. સબ બેંક કે લોકર મેં હૈ!'

ગુંડો તાડુક્યો, 'જુઠ મત બોલ. વરના કાટ કે રખ દુંગા.' અને એણે ચપ્પુની ધાર ગળા પર પાછી જોરથી દબાવી. બહેનના ગળામાંથી ધીમી ચીસ નીકળી ગઈ અને લોહીની ધાર પણ વહેવા માંડી. ખુણામાં બેઠેલો દિશાંત બહું જ ગભરાઈ ગયો હોય એવું લાગ્યુ. એ તરત જ રડતો રડતો દોડ્યો અને ગુંડાના પગમાં પડી ગયો, 'મારી મમ્મીને છોડી દો... એને કંઈ ના કરો. મહેરબાની કરો. મારી મમ્મીને છોડી દો.'

ગુંડો બરાબર ફોર્મમાં આવી ગયો હતો એણે બહેનને છોડી દીધા અને બોલ્યો, 'લે છોડી દીધી. પણ હવે તું જ તારા હાથે તિજોરી ખાલી કરીને લાવ. ત્યાં સુધી તારો દીકરો અહીં મારા પગમાં જ પડ્યો રહેશે.'

એણે બહેનને ધક્કો માર્યો. દિશાંત પગમાં પડ્યો પડ્યો રડી રહ્યો હતો. રડતાં રડતાં પણ એનું ધ્યાન બધે જ હતું. એણે વિચાર્યુ કે આ સરસ મોકો છે. ગુંડાને સબક શિખવાડવાની સરસ તક છે. એણે તરતજ ગુંડાના પગ જોરથી ખેંચ્યા. ગુંડો ધડામ કરીને નીચે પડી ગયો. એની મમ્મી બે ફૂટ જ દૂર ઉભી હતી. એ પણ હરિયાણાના દૂધ - ઘી ખાઈને મોટી થયેલી મહિલા હતી. દિકરાએ ચોરને પાડી દીધો એ જોઈને એનામાં પણ હિંમત આવી ગઈ. તરજ જ મા દીકરાએ ચોરને પોતાના સકંજામાં લઈ લીધો. એને ઉંધો કરી એના પર બેસી ગયા અને હાથ બાંધી દીધા. બંને મા દીકરાએ એને બરાબરનો માર્યો. સાતમાં ધોરણામાં ભણતો છોકરો દિશાંત ચોરને બરાબરનો મેથીપાક આપતા બોલી રહ્યો હતો, 'સાલા, ગુંડા મારી માને મારે છે. મારી માને... આજે તારી ખેર નથી. એટલો બધો મારીશ કે કદી કોઈના ઘરે ઘુસવાની હિંમત નહીં કરે.'

ચોર વધારે હાવી થાય એ પહેલાં જ દિશાંતની મમ્મીએ દરવાજો ખોલી નાંખ્યો. બુમાબૂમ કરીને પાડોશીઓને ભેગા કર્યા. પાડોશીઓએ ચોરને બહું જ માર્યો અને પોલીસને બોલાવી. પોલીસે કહ્યુ, 'બહેન, તમે સારી હિંમત કરી. તમને ધન્યવાદ.'

એ પછી મમ્મીએ બધી જ વાત કરી અને પોલીસને કહ્યુ, 'સાહેબ, આ હિંમત મેં નથી કરી. મારા સાતમાં ધોરણમાં ભણતા દીકરાએ કરી છે. એણે ચોરને પાડી દીધો અને અમે બંનેએ એને માર્યો.'

પોલીસ પણ આ નાનકડા છોકરાની હિંમત જોઈને દંગ રહી ગઈ. ઈન્સપેક્ટરે પૂછ્યુ, 'બેટા, તારી નીડરતા બદલ તને અભિનંદ. તું આ બધું ક્યાંથી શીખ્યો?'

દિશાંતે બાળકને છાજે એવો પણ સુંદર જવાબ આપ્યો, 'અંકલ આ બધું હું ટીવી સિરિયલો અને કાર્ટૂન્સમાંથી શીખ્યો છું. બધા કહે છે કે ટીવીમાં ખરાબ ખરાબ જ આવે છે. પણ એવું નથી. મારી આ હિંમત એમાંથી જ આવી છે.'

'વેરી ગુડ બેટા! તને હું ચોક્કસ મોટુ ઈનામ અપાવીશ અને તારુ સન્માન પણ કરાવીશ. પણ એક વાત યાદ રાખજે વધારે પડતું ટીવી પણ ના જોઈશ. બેટા!'

'સારુ અંકલ. પણ તમે મને ઈનામ પછી અપાવજો. અત્યારે મારી મમ્મી પાસેથી મને રીમોટ અપાવી દો. મારુ ફેવરેટ કાર્ટૂન ચાલુ થઈ ગયુ હશે.'

દિશાંતની વાત સાંભળીને બધા ખડખડાટ હસી પડ્યા.

બીજા દિવસે તો દિશાંતની બહાદૂરીની આ વાત આખા હરિયાણામાં ફરી વળી હતી. લગભગ બધા જ છાપાઓ અને ચેનલોએ એની બહાદૂરીને બિરદાવીને એને સલામ કરી. એને શાબ્બાશી આપી.

આપેલા ચિત્રમાં રંગ પૂરો

ઉખાણા

ચાર ખૂણાનું ચોકડું, અદ્ધર ઊડ્યું જાયે:
રાજા પૂછે રાણીને એ ક્યું જનાવર જાય?

○ પક્ષી ○ પતંગ ○ વિમાન ○ પવન

તમારો જવાબ

લાલ પીળાં ઘોળાં પચરંગી અનેક રંગનાં હોય,
દરેક છોડે, દરેક ડાળે, દેતાં સુગંધ હોય

○ ભમરો ○ પતંગિયું ○ ફૂલ ○ પાંદડી

તમારો જવાબ

ભમે ભણે પણ ભમરો નહિ,
કોટે જનોઈ પણ બ્રાહ્મણ નહિ:
લોટ માગે પણ બાવો નહિ,
અને તેલ ચટે પણ હનુમાન નહિ

○ છરી ○ કરવત ○ હથોડી ○ રેંટિયો

તમારો જવાબ

દરિયા કાંઠે નીપજે, ખાય રંક ને રૂડા:
સ્ત્રી-હાથ સોહાગણ, એ કાંકણ કે ચુડા

○ સાકર ○ મીઠું ○ માછલી ○ શંખ

તમારો જવાબ

છાપરે છાપરે મગ વેરાય
ગોળ જોઈને ચોંટી જાય

○ કીડી ○ મંકોડો ○ મચ્છર ○ માખી

તમારો જવાબ

નીચે દર્શાવ્યા પ્રમાણે ગણતરી કરો

Write each missing number.



લાલચું ચકલી

બાળ વાર્તા

ઘણા સમય પહેલાંની વાત છે. એક ચકલી એવા રાજમાર્ગે રહેતી હતી જ્યાંથી અનાજથી ભરેલી ગાડીઓ પસાર થતી. ચોખા, મગ, તુવેરના દાણા જ્યાં ત્યાં વિખરેલા રહેતા હતા. તે મન ભરી દાણા ચણતી. એક દિવસ તેને વિચાર્યું કે મને એવું કાંઈક કરવું જોઈએ કે અન્ય પક્ષી આ રાસ્તા પર ના આવે નહિતર, મને દાણા ઓછું મળશે.

તે બીજી ચકલીઓને કહેવા લાગી રાજમાર્ગે ના જશો ત્યાં મોટું સંકટ છે. ત્યાંથી જંગલી હાથી-ઘોડા અને દોડતા બળદોની ગાડી નીકળે છે. ત્યાંથી તરત ઉડીને સુરક્ષિત સ્થાન પણ જઈ શકાતુ નથી.

તેની વાત સાંભળી બધા પક્ષી ગભરાય ગયાં અને તેનું નામ અનુશાસિકા મુકી દીધું.

એક દિવસ તે રાજપથે ચણી રહી હતી. ત્યારે ઝડપથી આવતી ગાડીનો હોર્ન સાંભળી પાછળ વળીને જોયું, અરે હજુ તો આ બહુ જ દૂર છે થોડુંક ચણી લઉં, વિચારી દાણા ચણવામાં એટલી મગ્ન થઈ ગઈ કે તેને ખબર ના પડી કે ગાડી ક્યારે તેની નજીક આવી ગઈ. તે ઉડી પણ ના શકી અને પૈડા નીચે કચડી મૃત્યુ પામી.

થોડા સમય પછી ખળભળ મચી ગઈ કે અનુશાસિકા ક્યાં ગઈ. શોધતા-શોધતા છેવટે તે મળી ગઈ.

બધા પક્ષી કહેવા લાગ્યા, અરે આ શું આ તો એ રાજમાર્ગે મરેલી પડી છે જ્યાં અમને આવવાથી રોકતી હતી અને પોતે ચણવા આવી ગઈ.

શિખામણ: જે ઉપદેશક પોતાને નિયંત્રણમાં ન રાખી શકે તેનો હાલ આ ચકલી જેવો જ થાય છે.

નીચે આપેલા માંથી છ તફાવત શોધો

ટપકાં જોડી ચિત્ર પૂરુ કરો



રસ્તો શોધવા મદદ કરો



નીચે આપેલા શબ્દો ને શોધો

ફ	ર	જ	ગ	પ્રા	રા	તુ	ળ	ણ	મા	મ	ભ
લા	ર	ધ	ભો	મા	ત	ક	ગ	બા	એ	મ	મા
પ્ર	અ:	બં	કા	ણિ	ન	બં	ડો	અ	રો	ણિ	વિ
મા	સા	વ	સ	ક	ઓ	ઈ	ર	ર	અ	હિ	ન
ક	ગ	દ	જ્ઞા	કા	બ	ભો	ર	લ	ર	ક્ષ	ઓ
ભા	તી	ગ	ળ	મા	સા	રા	ધ	કા	ઇ	મ	ર
ક	બ	બા	બા	શિ	ભા	અ	બ	ર	જ	વા	સા
અ	ગ	શિ	ર	ળ	સા	કા	ર	ર	બા	બ	બા
ર	ત	મ	પ્ર	મા	દ	કા	ઊ	ક	ધ	ર	બા
લ	ઓ	બ	કા	સા	ઐ	સા	મ	ન	જ્ઞા	દ	અ
બં	આ	ર	ક	ગી	ઓ	હિ	ળ	ઐ	બા	કો	લ
ળ	ર	બૂ	ર	દ	મા	ક	આ	કી	શ	ફ	રો

પ્રમાદ
પ્રસાદ
પ્રામાણિક
ફરજ
બરાબર
બાદબાકી
ભમરો
ભાતીગળ
ભોરલ
મહિમા

ચાલો પેંગવિંન દોરતા શીખીએ



મહેન્દ્રસિંગ ધોનીએ સાબિત કરી દીધુ કે, ગલી ક્રિકેટ રમતો છોકરો પણ ભારતની ટીમનો કેપ્ટન બની શકે છે, ભારતને વિશ્વ વિજેતા બનાવી શકે છે

તમને યાદ હશે કે જ્યારે ભારત વલ્ડ કપ જીત્યો ત્યારે મેદાનમાં જોરદાર ઉજવણી ચાલી રહી હતી. ચારે તરફ સંગીત, આતીશબાજી વગેરેનો શોર હતો. મેદાનથી લઈને મારી અને તમારી સોસાયટીના નાકાઓ સુધી જાણે રાષ્ટ્રીય ઉત્સવ હોય તેમ લોકોએ તેની ઉજવણી કરી હતી. પરંતુ મેદાનની ઉજવણીમાં સૌથી છેલ્લે એક માણસ ચાલતો આવતો હતો, તે હતો ભારતનો યુવા અને કુલ કેપ્ટન મહેન્દ્રસિંગ ધોની. જેણે ભારતના લાખો ક્રિકેટ પ્રેમીઓને એક મોટી સૌગાત આપી. ટીમ મેનેજમેન્ટ અને એકતાની ભાવના શિખવવી હોય તો માહીનું મેનેજમેન્ટ ભણવું પડે. જો એ જ મેદાનમાં ભારત હાર્યું હોત તો હારનો દોષ માહિ પર જ હતો, અને તે સ્વિકારેત પણ ખરા. જ્યારે ધોનીએ ક્રિકેટમાંથી નિવૃત્તી જાહેર કરી તો લોકોને લાગ્યું કે જાણે તેમના પરીવારની ટીમનો એક સભ્ય ઓછો થયો.

રાંચીનો એક સામાન્ય પરિવારનો છોકરો જે ગોલકીપર બનવા માંગતો હતો. સ્પોર્ટ્સ પ્રત્યે લગાવનાં કારણે અવારનવાર ગ્રાઉન્ડમાં પ્રેક્ટીસ કરીને ફૂટબોલમાં કારકિર્દી બનાવવા માંગતો આ છોકરો પોતાની સ્કુલની ક્રિકેટ ટીમના વિકેટકીપની ગેરહાજરીનાં કારણે ટીમની આબરૂ બચાવવા ખાતર ગોલકીપરમાંથી વિકેટકીપર બન્યો. એના કોચ દ્વારા એટલું જ કહેવામાં આવ્યું કે જો તું ફૂટબોલમાં કીપર કરે છે એની જગ્યાએ આમાં નાનો બોલ પકડવાનો ટ્રાય કર. બેટિંગમાં આવ્યો ત્યારે દરેકને એમ હતું કે માંડ ૩-૪ રન બનાવી શકે તો સારુ છે પરંતુ એણે આ દાવમાં ૨૩ રનની ઇનિંગ રમી અને લોકોને ચોંકાવી દીધા. ૧૨ વર્ષની ઉંમરે ફૂટબોલના કેરિયરમાંથી ક્રિકેટ તરફ ધ્યાન વળ્યું અને ક્રિકેટની પ્રેક્ટીસ શરૂ થઈ.

સ્કુલમાં ખુબ બધી પ્રેક્ટીસ કરતો આ છોકરો કે જેને આપણે સૌ "કેપ્ટન કુલ", "માહી", "મેચ ફિનિશર" કહીએ છીએ એવો ધોની ક્રિકેટની પ્રેક્ટિસ કરવા માટેની કીટ ન હોવા છતાંય ૯માં ધોરણમાં ભણતા ધોની એના દોસ્તો પાસેથી ગ્લવ્ઝ ઉધાર લઈને વિકેટકીપની પ્રેક્ટીસ કરતા. પોતાની ચપળતાનાં કારણે વિકેટકીપર તરીકે ખુબ જ સારો ખેલાડી સાબિત થયો. ૧૦માં ધોરણમાં સ્કુલની એક ક્રિકેટ મેચમાં ઓપનીંગ બેટ્સમેન તરીકે આવીને પોતાની ક્રિકેટ પ્રતિભાનો પરચો લોકોને બતાવતા ૧૫૦ બોલમાં ૨૩ ફોર અને ૬ સિક્સસરની મદદથી ૨૧૪ રન બનાવ્યા. પોતાની સફળતાનું આ પહેલું પગથીયું હતું. પોતની સ્કુલમાં પ્રેક્ટિસ દરમિયાન સ્કુલના સૌથી ટોપ ફ્લોરની બારીનાં કાચ તોડી નાખતો એટલી હાઇટ પર સિક્સર મારતો અને શિક્ષક દ્વારા સજા પણ મળતી કે જો હવે આ કાચ તોડ્યો તો આના રૂપિયા તારે ચુકવવા પડશે અને ધોની હસતા હસતા એ સજા સ્વીકારી લેતો કારણ કે એ જાણતો હતો કે હજુ તો આવા ઘણા પરાક્રમ કરવાના છે. ક્રિકેટનો ગાંડો શોખ લાગી જતા મેચના કારણે ૧૦માં ધોરણની બોર્ડની પરીક્ષા જતી કરીને તે દિવસે મેચ રમવા માટે જતો રહ્યો.

હવે ધોની માટે ક્રિકેટમાં કેરિયર બનાવવું એક લક્ષ્ય બની ગયું હતું જેના કારણે તે રેલ્વે ટીમમાંથી રમવા માટે ત્યાં જવા લાગ્યો પરંતુ ૨ વાર રીજેક્ટ થયો. ક્રિકેટ ટીમમાં સિલેક્શન તો નાં થયું પરંતુ રેલ્વેમાં ટીકિટ ચેકર બની ગયો. ૨૦૦૧માં ખડગપુર અને દુર્ગાપુર રેલ્વે સ્ટેશનમાં ટીકીટ ચેક કરનારો માણસ એક સપનું લઈને સંઘર્ષ કરી રહ્યો હતો. રેલ્વેની એ નોકરી દરમિયાન હજુ તે તેના મુખ્ય લક્ષ્ય તરફથી ભટક્યો તો નહોતો જ જેના કારણે તેણે ફરીવાર રેલ્વેની ટીમમાં સ્થાન મેળવવાના પ્રયત્નો શરૂ કર્યા. ધીમે ધીમે કરતા ધોનીનો ક્રિકેટ ગ્રાફ ઉપર જવા લાગ્યો અને ક્રિકેટ સિલેક્ટરોના ધ્યાનમાં આવી ગયો.

૨૩ ડિસેમ્બર ૨૦૦૪નાં દિવસે બાંગ્લાદેશની વિરૂદ્ધમાં ધોનીએ વન-ડે ક્રિકેટમાં શરૂઆત કરી. બાંગ્લાદેશ સિરિઝમાં ખાસ કશું ના કરી શકનાર ધોની પોતાની પમી મેચ પાકિસ્તાનની સામે શાનદાર ૧૪૮ રન કર્યા અને પોતાની ક્ષમતાનો પુરાવો આપી દીધો. ત્યારબાદ ધોનીએ કદી પણ પાછું વળીને નથી જોયું. ક્રિકેટમાં એન્ટ્રીના ૨ વર્ષમાં જ તેને ૨૦-૨૦ ક્રિકેટમાં કમાનશીપ મળી. પહેલો જ ૨૦-૨૦ વર્લ્ડ કપ ભારતના નામે કર્યો. એ પછી તો ઘણા બધા રેકોર્ડસ, ઘણી બધી સીરિઝ અને દરેક ભારતીયનું સપનું એવો "વર્લ્ડકપ" પણ ભારતનાં નામે કર્યો. અને હમણા જ તાજેતરમાં "એશિયા કપ ૨૦-૨૦" ણ ભારતની જોળીમાં સંગ્રહી લીધો.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ખુબ પ્રેશરની વચ્ચે શાંત મગજ રાખીને એકદમ શોકિંગ નિર્ણયો લઈને ખેલાડીના ભરોસે સાહસિકવૃતિ દાખવવી એ નાનુસુની વાત નથી. હોતી. વિકેટની પાછળ ઉભા રહીને દિમાગ પર બરફ રાખીને સામેની ટીમના ખેલાડીને કેવી રીતે આઉટ કરવો એની આખી રણનીતિ ધોની પાસે હંમેશા તૈયાર હોય છે. ચપળતા, એકાગ્રતા અને ચતુરાઇ આ ત્રણેય ગુણોનો ભરપુર ઉપયોગ કરીને ધોની વિકેટ પાછળ મીની સેકન્ડોના સમયગાળામાં સ્ટમ્પીંગ અને અઘરા કેચ પણ આસાનીથી કરી જાય છે. ફિલ્ડીંગ ગોઠવવાની સુઝબુઝનો પરચો આપણે પહેલા ૨૦-૨૦ વર્લ્ડકપની પાકિસ્તાન વિરુદ્ધની ફાઈનલ મેચમાં જોઈ જ ચુક્યા છીએ. બેટિંગ દરમિયાન રમતને ધ્યાનમાં રાખીને નિરાતે રમવાવાળો બેટ્સમેન અચાનક જ રૌદ્ર સ્વરૂપ ધારણ કરીને બોલને બાઉન્ડ્રી બહાર મોકલતા અચકાતો નથી. ધોની જ્યાં સુધી ક્રીઝ પર હોય છે ત્યાં સુધી ૨ ઓવરમાં ૩૦ રન કરવાના હોય તો પણ પ્રેક્ષકોને એના પર વિશ્વાસ હોય છે કે થઇ જશે. એનું કારણ છે ધોનીનો આત્મિવશ્વાસ. પોતાના ચહેરા પર ક્યારેય તે ચિંતાના કે ઉત્સાહના ભાવ કળવા દેતો નથી જેના કારણે સામેની ટીમ મગજ પારખવામાં થાપ ખાઈ જતી હોય છે અને ધોની પોતાના આત્મવિશ્વાસ સાથે આરામથી સિક્સરો અને ફોરથી રન બનાવી જાય છે.

ભારતીય ક્રિકેટના સૌથી સફળ કેપ્ટન તરીકે "મહેન્દ્રસિંહ ધોની" એ નામ બનાવ્યું છે. ગમે તેવી હાઈ વોલ્ટેજ મેચ દરમિયાન રસાકસીના ખેલમાં પણ ધોનીના ચહેરા પર ટેન્શનની રેખા જોવા મળતી નથી હોતી અને મેચ જીત્યા પછી પણ એના હાથમાં એક સ્ટેમ્પ કે જે તે હંમેશા સાથે લઈને જાય છે. જીત્યા પછી પણ ટીમ જ્યારે ઉત્સાહથી ઉજવણી કરતી હોય છે ત્યારે ધોની એક ખૂણામાં ઉભો રહીને મંદ મંદ હસીને પોતાની ખેલદિલીનો પરચો દેખાડતો હોય છે. જે લોકોએ માર્ક કર્યું હશે એ લોકોને ખબર હશે કે જ્યારે કોઈ ટ્રોફી ટીમના હાથમાં આપવામાં આવે છે ત્યારે ફોટો સેશન દરમિયાન ધોની હંમેશા છેલ્લી લાઈનમાં ખૂણામાં ઉભો રહેલો જોવા મળે છે. વર્લ્ડકપ જીત્યા બાદ પણ જ્યારે દરેક ખેલાડી ઉછળી ઉછળીને ઉજવણી કરી રહ્યા હતા ત્યારે ધોની પોતાના ટીમના મેમ્બર જોડે સૌથી છેલ્લે ચાલ્યો આવતો હતો. જે એની રમત પ્રત્યેની સ્થિતપ્રજ્ઞતા સાબિત કરે છે કે જીત દરમિયાન છકી નાં જવું હાર દરમિયાન હિંમત નાં ખોવી. ટીમની જીત ખાતર ઘણીવાર દ્રઢ અને મુશ્કેલ નિર્ણયો લેતા પણ ધોની ખચકાતો નથી એનું મુખ્ય કારણ પોતાની ક્ષમતા પર રહેલો વિશ્વાસ.

વિકેટ પાછળ રહીને કોઈપણ બેટ્સમેનને ઉશ્કેરણી કરવી કે પછી તેને ગમે તેમ બોલવું, સ્લેજિંગ કરવું. ધોનીની આજ સુધીની રમતમાં આવી બાબતો ક્યારેય પણ નથી આવી જે તેની ખેલદિલીનો સૌથી મોટો ગુણ છે. થોડા સમય પહેલા જ વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી સાઉથ આફ્રિકા સામેની મેચ દરમિયાન આફ્રિકન બેટ્સમેનના પગના સ્નાયુઓ ખેંચાઈ જતા ધોની પોતે વિકેટ પાછળથી તેને મદદ કરવા દોડી ગયો હતો અને ફીઝીયો તરીકેની ટ્રીટમેન્ટ કરવા લાગ્યો હતો. આ એક આઈડલ ક્રિકેટરના લક્ષણો દર્શાવે છે. પોતાની ટીમના ખેલાડીઓ પણ ક્યારેક સામેની ટીમના ખેલાડીઓ સાથે લડતા હોય ત્યારે પણ ધોની તે બંને વચ્ચે દરમિયાનગીરી કરીને સુલેહ કરવાની કોશિશ કરતો જોવા મળતો હોય છે. મેચ જીત્યા બાદ પણ કોઈ પણ જગ્યાએ ઇન્ટરવ્યું દરમિયાન કે કોઈ પણ ફંકશનમાં ધોની ક્યારેય પોતાની કમાનશીપ કે પછી સફળતા પર ઘમંડ કરતો જોવા નથી મળતો. આનાથી વધુ સારી ક્વોલીટી એક ખેલાડીમાં શું હોઈ શકે?

૨૦૦૮ અને ૨૦૦૯માં આઇસીસી વન-ડે પ્લેયર ઓફ ધી યરનો એવોર્ડ બે વાર પોતાના નામે કરનાર ધોની પહેલો ખેલાડી છે જેને સતત ૨ વાર એવોર્ડ મળ્યો. ૨૦૦૭માં "રાજીવ ગાંધી ખેલ રત્ન એવોર્ડ" અને ૨૦૦૯માં "પદ્મશ્રી" નો ખિતાબ પણ એનાયત કરવામાં આવેલો છે. ભારતીય આર્મી દ્વારા જેને "લેફ્ટેનન્ટ કર્નલ"ની પદવી પણ મળેલી છે જે ઇન્ડિયન ક્રિકેટરમાં કપિલ દેવ પછી માત્ર મહેન્દ્રસિંહ ધોનીને મળી છે. ઇંગ્લેન્ડની યુનિવર્સિટી "De Montfor University" દ્વારા તેમને ડોક્ટર રેટની ડીગ્રી પણ એનાયત કરવામાં આવી છે. આવા ઘણા બધા એવોર્ડસ અને સફળતાઓ ધોનીએ મેળવેલી છે જે તમને ગુગલમાંથી માહિતી મળી રહેશે. વિશ્વમાં સૌથી વધારે પગાર મેળવતો ક્રિકેટર ધોની ૩૦૦ કરોડની સંપત્તિનો માલિક છે.

ભારતમાં ટોચના મોનસૂન સ્થળો

શીલોંગ, મેઘાલય

જો તમારે ચોમાસાના વાદળોને એડવા હોય તો તમારી ડાયરીમાં મેઘાલયમાં શીલોંગનું નામ હોવું ફરજિયાત છે. જ્યારે રાજ્યને 'વાદળાનું ઘર' કહેવામાં આવે છે, ત્યારે તમે અનુમાન કરી શકો છો કે ચોમાસામાં તમારા રસ્તામાં શું આવે છે. અહી વરસાદની તીવ્રતા એટલી છે કે તે તમારી આસપાસના વિશ્વને ધીમું કરી શકે છે. કાર, લોકો, પ્રાણીઓ દરેકને મેઘાલયમાં કુદરતને નમન કરવું પડે છે.

આ ખાસ જો જો..

શિલોંગમાં, એલિફન્ટ ફોલ્સ તરફ જવું જોઈએ કે જે વીજળી જેવો અવાજ કરે છે.

કુર્ગ, કર્ણાટક

કુર્ગ ઘણીવાર ભારતના સ્કોટલેન્ડ તરીકે ઓળખાય છે. કર્ણાટકમાં કુર્ગ તેના મનોહર પર્વતીય પ્રદેશ માટે જાણીતું છે. વરસાદમાં કુશાલનગરથી બહારની ટેકરીઓની યાત્રા કરો, અને તમે જોશો કે તમે ધુમ્મસથી ઘેરાયેલા છો, જેથી તમે થોડે દૂર સુધી જ જોઈ શકશો. સદનસીબે, તમે રસ્તા પર થોડા બીજા પ્રવાસીઓને જોશો, તેથી તમારી સફર સુખદ બની જશે . માર્ગ પર, પૃથ્વીનો દરેક કણ લીલો દેખાય છે. જો વાદળો તમારી નજર ની વચ્ચે આવતા નથી, તો તમે વાદળો સાથે દૂરની ટેકરીઓ ના મનમોહક દ્રશ્ય જોશો.

આ ખાસ જો જો ..

તમારા સ્થળ સુધી પહોંચવા પર, તમે ગરમ કોર્ગિ મકાનમાં આરામ કરવાનું પસંદ કરી શકો છો અથવા ઠળિયાણદામોલ શિખર પર ચઢી શકો છો.

લોનાવાલા, મહારાષ્ટ્ર

તમને વરસાદના ઘેરાયેલા વાદળોથી પ્રેમ છે, તમે મહારાષ્ટ્રમાં લોનાવલા પંહોચી જાઓ. પશ્ચિમ ઘાટના ઉપલા ભાગમાં આવેલા, આ અનોખા શહેરમાં એક નાની સફર કરી શકો છો, અથવા તમે અહી રોકાઈ શકો છો જે તમારી ઈન્દ્રિયોને તાજી કરવાની ખાતરી આપે છે. તેના ઠંડા હવામાન માટે લોનાવાલા પ્રસિદ્ધ છે, આ બ્રિટીશ યુગના શહેરમાં વરસાદની મોસમ હરિયાળી સાથે આવે છે. મુંબઈ-પૂણે એક્સપ્રેસવે અથવા નેશનલ હાઈવે ૪ નો ઉપયોગ કરવાના વિકલ્પ સાથે, લોનાવાલાની તમારી સફર કાયમ માટે યાદગાર બની જશે.

આ ખાસ જો જો..

લોનાવાલામાં એમી વેલીની મુસાફરી કરવાની તક ચૂકી ન જાવ – લોનાવલા ભારતમાં શ્રેષ્ઠ ચોમાસુ સ્થળોની યાદીમાં ટોપ પર છે

પૉંડિચેરી

ભારતમાં શ્રેષ્ઠ ચોમાસાના સ્થળો પૈકી એક પ ૉંડિચેરી, જેને પ્રેમથી પોન્ડી કહેવામાં આવે છે, તે તેના દરિયાકિનારા માટે પ્રસિદ્ધ છે, ચોમાસામાં આ કેન્દ્રશાસિત પ્રદેશની મુલાકાતથી તમે હૂંફાળા ક્ષેત્રો અને આસપાસના ડુંગરાળ પ્રદેશોનો આનંદ માણી શકો છો, સોલેન ગ્રે, ભેજવાળા વાદળો કે જે આકાશમાં સૌથી નીચે હોય છે તે આ સિઝનમાં પ ોન્ડીમાં તમને જોવા મળશે. વરસાદમાં પૉંડિચેરીની મુલાકાત લેવાનો બીજો ફાયદો એ છે કે ત્યાં બહુ ઓછા પ્રવાસીઓ છે. જો તમને વેકેશન માં આરામ કરવાનું ગમે છે, તો ઓરોવિલે યુનિવર્સલ સિટીની સફર કરવી જરૂરી છે, જ્યાં તમે લીલા ઘાસની વચ્ચે ધ્યાન કેન્દ્રિત કરી શકો છો જ્યારે વાદળો આસપાસ હોય છે.

રાનીખેત, ઉત્તરાખંડ

રાનીખેત એક મોહક હિલ સ્ટેશન છે જે ઉત્તરાખંડ રાજ્યમાં આવેલું છે, જે તેના સુંદર કુદરતી સૌંદર્ય માટે જાણીતું છે. શાબ્દિક અર્થ 'ક્વિન્સ મેડોવ', અનોખું નગર નીચે લીલાછમ જંગલોમાં પાઈન વૃક્ષોના ભવ્ય દશ્યો આપે છે. ચોમાસું જ્યારે જંગલોમાંથી વાદળો આવતા હોય છે, તમે પ હેલાં ક્યારેય ન જોયું હોય તેવા હિલ સ્ટેશનનો ચહેરો જોઈ શકો છો. આ સીઝનમાં લીલાછમ પ હાડી ઢોળાવ પર ચાલવાથી તમને સ્વાસ્થ્યવર્ધક બનાવવાની ખાતરી આપે છે. ચોમાસા ની શરૂઆતમાં આ હિલ સ્ટેશનની મુલાકાત લો કારણ કે અહી ભૂસ્ખલનનું જોખમ ભારે હોય છે જ્યારે ભારે વરસાદ પડે છે.

આ ખાસ જો જો..

ભાલુ ડેમની સુંદરતા, હૈદખાન મંદિરની શાંતિ અને ઝુલા દેવીના ૮ મી સદીના મંદિરો.

વાયનદ, કેરળ

કોઝિકોડથી ૭૦ કિલોમીટર દૂર આવેલું, વાયનાડ ચોમાસામાં ભારતની મુલાકાત લેવાનું શ્રેષ્ઠ સ્થળ છે. મુસાફરોને ઓગસ્ટમાં આ હિલ સ્ટેશનમાં ખુબ ખુશી મળે છે કેમ કે ચોમાસાનો આનંદ માણવો કારણ કે અત્યારે અહી સૌથી વધુ વરસાદ પડે છે અને આ હિલ સ્ટેશન ભારતમાં સૌથી વધુ વરસાદ પડતી જગ્યાઓમાંથી એક છે. ચાના બગીચા, કોફી, મસાલા, અને રબરના બગીચા, ઠંડા પવન સાથે તમને ટ્રેકિંગ જેવી સાહસોની પ્રવૃત્તિઓમાં સામેલ કરાવશે. બાણાસુર હિલ ટ્રેક માટે જાઓ, એડક્કલ ગુફાઓની શોધખોળ કરો, ખાસ કરીને ઓગસ્ટ અને સપ્ટેમ્બર મહિનામાં કુરુવા ટાપુ અને વાયનડ ચાના બગીચા જોવા માટે જાઓ.

મુન્નર, કેરળ

ચોમાસામાં કેરળના મુન્નરની મુસાફરી વખતે ઝાકળમાં મસાલા વાવેતર અને ચા બગીચાઓ આપ નું સ્વાગત કરે છે. મુન્નર ખરેખર ભારતમાં સૌથી સુંદર સ્થળો અને લોકપ્રિય હિલ સ્ટેશન છે. દરરોજ સવારે જાગતા જ તમને ઝાકળના બિંદુ જોવા મળશે જે ઝાડ ના પાંદડા પર આળસ ખાઈ ને નીચે પડતા હશે. આ હિલ સ્ટેશન એ ઓગસ્ટમાં સ્વર્ગથી ઓછું નથી. ઝાંખા દેખાતા ઊંચા પર્વતોના દશ્યો ચોક્કસપ ણે તમારા મનને શાંતિ આપશે. પ્રકૃતિ ની વચ્ચે જો તમે કેટલોક શાંત સમય ગાળવા ઈચ્છો છો, તો મુન્નર તરફ આગળ વધો.

આ ખાસ જો જો..

ચોમાસામાં સૌથી ઓછી કિંમતે તમે આ તમામનો આનંદ લઈ શકો છો, કારણ કે તેને ઑફ સીઝન માનવામાં આવે છે.

ગોવા

Rainforest Mollem National Park Western Ghats

લોકો સામાન્ય રીતે કહે છે કે તમારે ચોમાસામાં ગોવાની મુલાકાત ન કરવી જોઈએ. પરંતુ રાહ જુઓ, તે ભારતમાં ચોમાસાના શ્રેષ્ઠ સ્થળોની યાદી પર છે. ઉનાળા અને શિયાળાની શરૂઆતમાં મુસાફરી કરવા માટે સૂર્યનું ચુંબન કરતું આ રાજ્ય શ્રેષ્ઠ છે, જ્યારે વરસાદ દરમિયાન ગોવા તેવી જ રીતે ઉત્તમ હોઈ શકે છે. ચોમાસામાં માત્ર એટલું જ છે કે તમારે યોગ્ય સ્થાનો પાર જવાની જરૂર છે અને ત્યાંની પ્રવૃત્તિઓમાં તમારી જાતને ઉમેરી દો, જેનો આનંદ ફક્ત ચોમાસાની સિઝનમાં સારી રીતે લઈ શકાય તેમ છે.

તમે ખાલી ચોમાસામાં ગોવાના દરિયાકિનારાઓનો આનંદ લઈ શકો છો તેમ નથી, પરંતુ પશ્ચિમ ઘાટ પર ટ્રેકિંગમાં પણ ભાગ લઈ શકો છો. ચોમાસા દરમિયાન, તમે વન્યજીવન અભયારણ્યની મુલાકાત લઈ શકો છો, મસાલાના બગીચામાં હરિયાળીનો આનંદ માણી શકો છો, અને પ્રતિષ્ઠિત દૂધસાગર ધોધ જોવા માટે પ્રવાસ કરી શકો છો.

ચેરાપુંજી, મેઘાલય

જો તમને ગર્જના કરતા વાદળો અને અતિભારે વરસાદથી હેરાનગતિ ના થતી હોય, તો ચેરાપુંજી કરતાં તમારા માટે કોઈ વધુ યોગ્ય સ્થળ નથી. વિશ્વની બીજા ક્રમનું સૌથી ભેજવાળું સ્થળ હોવાનો રેકોર્ડ ધરાવનાર, મેઘાલયમાં આ જગ્યા તમને લીલીછમ ધરતી અને ટેકરીઓ આપે છે જેના પર ચડવું તમારા માટે એક અનોખો અનુભવ હશે. વિપુલ માત્ર માં હરિયાળી અને વૃક્ષ માંથી બનાવેલા પુલો તમને ચિત્રો લેવા માટે યોગ્ય સ્થળ આપશે. વરસાદમાં મેઘાલય માં ચાનો એક કપ પીવાનું ભૂલશો નહી, જે દાર્જિલિંગ ચાથી થોડી અલગ છે. ચોમાસામાં અન્ય સ્થળોએ જવું મજા હોઈ શકે છે, પરંતુ આ સિઝનમાં ચેરાપુંજીની યાત્રા એક અનોખી અને અવિસ્મરણીય યાત્રા સાબિત થઈ શકે છે. ભારતમાં આ ચોમાસુ સ્થળોની મુસાફરી કરીને આ ચોમાસાને યાદગાર બનાવો.

અમે બાંહેધરી આપીએ છીએ કે તમે તમારા બધા મિત્રો અને કુટુંબીજનોને તમારી સફર વારંવાર યાદ કરાવશો.

કોડાઇકેનાલ, તામિલનાડુ

વરસાદની હરિયાળીમાં પોતાને ગુમાવવાનો વિચાર શું તમને ઉત્તેજિત કરે છે? જો હા, તો તમારે જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કોડાઈકેનાલની મુલાકાત લેવી જોઈએ. આ સીઝનમાં, સમગ્ર હિલ સ્ટેશન જીવંત અને તાજું બની જાય છે. વરસાદી-કાદવની ઝીણી અને સુગંધી ગંધ તમારી ઈન્દ્રિયોને ફરી તાજી કરે છે. આ સિઝનમાં કોડાઈકેનાલ એકદમ સ્વચ્છ હોવાથી કલાપ્રેમી ફોટોગ્રાફરો માટે સ્વપ્ન સમાન છે. અહી, તમારી પાસે લીલી ટેકરીઓ અને આસપાસની જગ્યાના મોહક ચિત્રોને લેવાની તક છે જ્યારે સૂર્ય વાદળોની આગળ-પાછળ થાય છે.

ચોમાસામાં હિલ સ્ટેશનની નજીકના બેર શોલા અને સિલ્વર કાસ્કેડ ઝરણાં પાણીથી છલોછલ થઈ જાય છે, જે તમને તમારા મનપસંદ વૉલપેપરની યાદ અપાવશે.

બાળકની દાંતની સારવાર

ડો. ટ્વીન્કલ પટેલ
એમ.ડી. મદરહુડ હોસ્પિટલ - ફાઉન્ડર મદરહુડ ફાઉન્ડેશન

બાળકો ઘણી વખત ડોક્ટર અથવા દાંતના ડોક્ટર થી ડરતા હોય છે, ઘણી વખત વાલીઓ ડોક્ટરને ઈંજેક્સન વાપરવા વ્યક્તિ તરીકે વર્ણવે છે. જો બાળક ખૂબ ચોકલેટ ખાતું હોય તો એને દાંતના ડોક્ટર પાસે લઈ જવાની ધમકી આપી ડરાવવામાં આવે છે. આ કારણોથી બાળક દાંતના ડોક્ટર તરફ ખુબજ નકારાત્મક વલણ અપનાવી લે છે. જેના લીધે દાંતના ડોક્ટરનું કાર્ય ખૂબ જ અઘરું બની જાય છે.

વાલીઓ માટે દવાખાનામાં ધ્યાનમાં રાખવાની સૂચનાઓ

૧. બાળકોના દાંતનો ડોક્ટરે આપેલ બધી જ સૂચનાઓનું પાલન કરવું જે બાળકની સારવાર સફળતાપૂર્વક થાય તેના માટે ખૂબ જ જરૂરી છે.
૨. ઘણી વખત બાળકોના દાંતના ડોક્ટર બાળકની સારવાર દરમિયાન માતા-પિતાને બહાર વેઈટિંગ રૂમમાં રહેવા કહે છે કારણકે માતા પિતાની હાજરીમાં બાળક ડોક્ટરની સૂચનાઓ પર ધ્યાન આપી શકતું નથી તેથી સારવારમાં ખલેલ પડે છે. બાળક અને ડોક્ટર વચ્ચે મિત્રતા કેળવવા માટે આમ કરવું જરૂરી બને છે. અમુક સંજોગોમાં (જો બાળકની ઉમર ૩ વર્ષ થી ઓછી હોય અથવા બાળક શારીરિક કે માનસિક રિતે નબળું હોય તો બાળકની પરિસ્થિતીને ધ્યાનમાં રાખીને માતા-પિતાને સાથે રાખવામા આવે છે.
૩. દાંતની સારવાર દરમિયાન સાધનો અને તેના અવાજથી બાળક ગભરાઈને રડે એ સામાન્ય વાત છે. પરંતુ અમે તેને ખત્રિ આપીએ છીએ કે સારવાર દરમિયાન કે સારવારથી બાળકને દર્દ કે કોઈ નુકશાન થશે નહી. તેથી માતા-પિતાએ બાળકના રડવાથી ગભરાવવું નહીં પરંતુ બાળકને સારવાર માટે પ્રોતસાહિત કરવું.

પ્રિય વાલિમિત્રો

બાળકોઃ

૧. બાળકો પુખ્ત વયના લોકો કરતાં અલગ હોય છે જેથી તેમના દાંતની સારવાર કરવી ખુબજ મુશ્કેલ હોય છે.
૨. તેઓ જલ્દી કંટાળી જાય અને સારવાર થી ડરતા હોય છે
૩. તેમણે તેમની ઉમર અને સમજણ શક્તિ અનુસાર સારવાર માટે સમજાવવા પડે છે.

બાળકોના દાંતના ડોક્ટર

૧. બાળકોના દાંતના ડોક્ટર બાળકોને સારી રીતે સમજાવવામાં અને સાથે સારી રીતે સારવાર આપવામાં કુશળ હોય છે.
૨. બાળકોના મોઢાના સંપૂર્ણ સ્વાસ્થ માટે બાળકોના દાંતના ડોક્ટર અને વાલીઓ બંનેનો ફાળો મહત્વનો હોય છે.

વાલીઓ માટે ઘરે ધ્યાનમાં રાખવાની અગત્યની સૂચનાઓ

૧. બાળકોને દર ૬ મહિને દાંતની તપાસ માટે બાળકોના દાંતના ડોક્ટર પાસે લાવવું.
૨. બાળકોના મોઢાની સંપૂર્ણ કાળજી રાખવી જો કોઈ સડો દેખાય તો બાળકોના દાંતના ડોક્ટરને બતાવવું.
૩. ઈંજેક્સન,લોહી,અને દર્દ વિષે કદી બાળકો સામે વાત કરવી નહી.
૪. દાંતના ડોક્ટર અને દાંતની સારવારનું નામ લઈ બાળકને ડરાવવા નહી (જો બ્રશ નહી કરવામાં આવે અથવા ખૂબ ચોકલેટ ખાશે તો ડોક્ટર ઈંજેક્સન આપશે અથવા દાંત કાઢી નાખશે એવું કહેવું નહી)

૧ તમારા બાળક ને કહેવું કે તમે કોઈ મિત્ર કે કોઈ સંબંધીના ત્યાં જઈ રહ્યા છો જે ડોક્ટર છે જેને બાળકો ગમે છે
૨ એ ફક્ત દાંત તપાસે અને ગણશે
૩ તમારા બાળકને કહેવું કે નિયમિત રીતે દાંત ની તપાસ કરાવવાથી દાંતમાં કોઈ તકલીફ કે સડો હોય તો જલ્દી ખબર પડે છે
૪ બને ત્યાં સુધી પહેલી મૂલકતમાં પાટા-પિતા બંને એ પહેલી મૂલકતમાં હજાર રહેવું
૫ ડોક્ટરને બાળક સાથે વાત કરવા પૂરતો સમય આપવો શરૂઆતમાં બાળક સાથે વિતાવેલો સમય તેની સાથે મિત્રતા કેળવવા અને બાળક નો વિશ્વાસ જીતવા માટે હોય છે જે ભવિષ્ય ની સારવાર માટે લાભદાયક છે
૬ બાળકોના દાંતના ડોક્ટર દ્વારા દવાખાનામાં અને ઘર માટે અપાયેલી તમામ સૂચનાઓનું પાલન કરવું
૭ ૯૦% થી ૯૫% બાળકો દાંતની સારવાર માટે સહકાર આપે છે તેથી માતા-પિતા એ બાળકોના દાંતના ડોક્ટરને ફક્ત સારવારમાં જ નહીં પરંતુ દાંત ની સારવાર તરફ બાળકના મગજમાં હકારાત્મક વલણ મેળવવા પણ મદદ કરવી
૮ બાળક અને ડોક્ટર ની વચ્ચે સીધી મેત્રીપૂર્ણ વાતચીત સફળ સારવાર માટે ખુબ જ મહત્વ ની છે તમારા બાળક નો સંપૂર્ણ રેકોર્ડ અને ફાઇલ લઈને આવવું

વાલીઓ દ્વારા અવારનવાર પુછવામાં આવતા પ્રશ્નો

- દુધિયા દાંતમાં સારવાર કેમ જરૂરી છે જો તે પડવાનાજ છે.?
- દુધિયા દાંત ખોરાક ચાવવા માંટે ખુબજ જરૂરી છે.અને પૂરતો ખોરાક શરીર અને જડબાની વૃદ્ધિ વિકાસ માટે જરૂરી છે
- દુધિયા દાંત, કાયમી દાંત બરાબર રીતે આવે તેના માટે, બાળકના દેખાવ માટે, તેમજ બોલતા શીખવા માટે ખુબજ જરૂરી છે.
- જો દુધિયા દાંત બરાબર સાચવવામાં ના આવે તો
- ખોરાક ચાવવામાં તકલીફ-અપૂરતો ખોરાક-બાળકની શારીરિક વૃદ્ધિ અને વિકાસ ને અસર
- જો ઉપરના આગળના દાંત સમય પહેલા પડી જાય તો બોલવામાં તકલીફ પડે છે અને બાળક લઘુતાગ્રંથિ પણ પીડાય છે .(કારણકે અમુક અક્ષરોના ઉચ્ચારણમાં દાંત અને જીભ નો સંપર્ક જરૂરી છે. જો દુધિયા દાંત વ્યવસ્થિત ના હોય તો સંભવ બનતું નથી)
- જો દુધિયા દાંત પહેલા થી જ વળી જાય તો દાંત વાંકા ચૂંકા થવાની પણ સંભાવના રહે છે
- દુધિયા દાંત સડી જવાથી ઈન્ફેક્સન, સોજો, દુખાવો અને તેને કારણે તાવ આવતો હોય તો બાળક શાળામાં જઈ શકતું નથી અને શાળામાં અનિયમિતતા આવે છે.
- બાળકો ને પહેલી વખત દાંતના ડોક્ટર પાસે ક્યારે લાવવું જોઈએ
- પહેલા દાંત આવ્યા ની ૬ મહિનાની અંદર જ બાળકોને બાળકોના દાંતના ડોક્ટર પાસે લઈ જવું

શું બાળકો બધી સારવાર માટે સહકાર આપી શકે છે.?

૯૦% થી ૯૫% બાળકો બધી જ સારવાર માટે સહકાર આપી શકે છે ઘણા બાળકો દાંત ની સારવાર ખુશી થી કરાવે છે આ સારવારથી બધા બાળકોનો ફાયદો થાય છે ૫% થી ૧૦% બાળકો જે ખૂબ જ નાના હોય છે (૩ વર્ષ થી નાના) શારીરિક અને માનસિક રીતે અપંગ બાળકોમાં સહકાર આપવાની કે સમજવાની ક્ષમતા હોતી નથી આ બાળકોની સારવાર તેમણે બેહોશ કરીને કરવી પડે છે. બાકીના ૯૦% થી ૯૫% બાળકોમાં, બાળકોના દાંતના ડોક્ટર ખાસ તેયયારી સાથે સુવિધાજનક સારવાર કરી શકે છે.

શું દાંત ની સારવાર પીડાદાયક હોય છે

બાળકો માટે દાંત ની સારવાર પીડાદાયક હોતી નથી અમે ખાસ આધુનિક સાધનો નો ઉપયોગ કરીયે છીએ જેનાથી ઈંજેક્સન આપતી વખતે પણ દર્દ થતું નથી જ્યારે શરૂઆતમાં ઈંજેક્સન આપવામાં આવે ત્યારે કદાચ મચ્છર કરડે એટલુ દર્દ થઈ શકે પરંતુ ત્યાર પછી આખી સારવાર દરમિયાન બિલકુલ તકલીફ થતી નથી.

બાળકોને કેટલા સમયના અંતરે તપસ માટે લાવવું જોઈએ?

- દર ૬ મહિને (જે બાળકોના દાંતમાં ઓછો સડો હોય)
- દર ૩ મહિને (જે બાળકના દાંતમાં વધારે સડો હોય)
- તમારા બાળકોના દાંતના ડોક્ટર જ બાળકને કેટલા અંતરે ચેકઅપ માટે આવવું તે વિષે માહિતી આપી શકે
- જો બાળક પડી જાય અને તેને મોઢામાં અને દુધિયા દાંતમાં ઈજા થાય તો શું કરવું ..?
- આવી પરિસ્થિતિમાં બાળકને તાત્કાલિક બાળકોના દાંતના ડોક્ટર પાસે લઈ જવું

જો બાળક પડી જાય અને જો એના કાયમી દાંતમાં ઈજા થાય તો શું કરવું .?

- બાળકને તાત્કાલિક બાળકના દાંતના ડોક્ટર પાસે લઈ જવું
- જો દાંત આખો જ નીકળી ગયો હોય તો તેને ઠંડા પાણીથી ધોઈને (દાંતને ઘસીને સાફ કરવો નહી)
- સંભાળીને તરત જ દૂધ કે લાળ ધરાવતા સાધનમાં મૂકી દેવો અને તાત્કાલિક ડોક્ટર પાસે લઈ જવું જેટલું જલ્દી બને તેમ બાળકોના દાંતના ડોક્ટર પાસે લઈ જવું જેટલું જલ્દી બાળક ને તમે બાળકોના દાંતના ડોક્ટર પાસે લઈ જશો તેટલું દાંત બચવાની શક્યતા વધુ રહેશે

બાળકો માં કઈ આદત હોય છે

- અંગુઠો, આંગળી કે હોઠ ચૂસવાની આદત, દાંતના આગળના ઉપરના અને નીચેના દાંત વચ્ચે ચાવવાની આદત
- મોઢાથી સ્વાસ લેવાની આદત
- નખ ચાવવાની આદત

આ બધી આદતો ને લીધે જડબા અને સ્નાયુઓ ની ગોઠવણ અવ્યવસ્થિત બને છે. દાંત વાંકા ચૂંકા થાય છે. અને બાળકો નો દેખાવ બગડે છે આ બધીજ આદતો સુધારવી જરૂરી હોય છે. જો આવી કોઈપણ આદત તમારા બાળક માં હોય તો તુરંત જ બાળકોના દાંતના ડોક્ટર ને બતાવવું

શું ખોડ ખાપણ વાળા મંદબુદ્ધિ ના ધરાવતા બાળકોની દાંતની સારવાર શક્ય છે..?

આવા બાળકોમાં તેમની પરિસ્થિતી ને કારણે દાંત ના રોગો થવાથી છે આવા બાળકને દાંતના રોગ ની સારવાર માટે અને નિયમિત દાંત ની તપાસ માટે લાવવા જોઈએ જેથી એમના દાંતની તકલીફ જડપ થી દૂર કરી શકાય અને તેમનું સ્વાસ્થ જળવાઈ રહે

તમારા બાળકની સંપૂર્ણ સારવાર દાંતના રોગ અટકાવવા માટેની ઉપાયો અને સારવાર પછીની નિયમિત તપાસની અગત્યતા સમજવા માટેનો આગ્રહ રાખવો અમારો મુખ્ય ઉદ્દેશ ફક્ત તમારા બાળકની સારવાર કરવાનો નથી પરંતુ તેમને ફરી કોઈ વાર દાંત ના રોગ ના થાય ટે માટે ના જરૂરી પગલાં લેવાનો છે. જેથી તમારું બાળક ફરી કોઈવાર દાંતની પીડા થી પીડાઈ નહી.

RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210